# અલમીડા સેન્ટરે અન્નકૂટોત્સવ ઉજવ્યો ... ઠાકોરજી અક્ષરદેહે પધાર્યા

અમૃત હઝારી દ્વારા

અલમીડા સેન્ટર, પર્થ એમ્બોય ખાતે આવેલા મુકુન્દભાઈ અને રમાબેન ઠાકરના મા-બાપ સમાન તબીબી સારવાર લેતા વડિલોએ ભાવભક્તિપૂર્વક અન્નકૂટની ઉજવણી તા. ૨૯ ઓકટોબર, ૨૦૦૬ના દિવસે કરી હતી. ભગવાન તો ભાવનો ભૂખ્યો હોય અને પ્રબુદ્ધજનોએ ભાવ, પ્રેમ અને ભક્તિ થાળરૂપે ધરાવીને ધન્યતા અનુભવી. સેન્ટર ખાતે સારવાર લેતા વડિલોના સગાસંબંધી અને સ્નેહીઓએ સ્નેહ અને ભાવસહિત એટલી બધી વાનગીઓનો વરસાદ વરસાવ્યો હતો કે ઠાકોરજીને પ્રસાદ ધરાવવા માટેની જગ્યા પણ ઓછી પડવા લાગી હતી! ભારતીય દર્દીઓ માટે ફાળવવામાં આવેલો



વિશાળ અલમીડા સેન્ટરનો ત્રીજો માળ આમંત્રિતોથી ઉભરાતો હતો. દરેકના ચહેરા ઉપર એટલો પ્રેમ નીતરતો હતો કે હોલની જગ્યાની હાલાકી નજર અંદાઝ થતી જણાતી હતી અને દરેકના દિલની વિશાળતાનો અનુભવ થતો હતો.

ભગવાનને અને વડિલોને પ્રિય ભજનોની લ્હાણી કરવા શ્રી ભારતીબેન વ્યાસ આવ્યા હતા. એમને હારમોનીયમ પર શ્રી સુરેશ મોતીકરા અને તબલા પર શ્રી પરમેશ્વરને સાથ આપ્યો હતો. શ્રી ગણેશ સ્તુતિથી શરૂઆત કર્યા બાદ જયારે આજની ઘડી રે રળિમાણીના સુરે બહેનો ગરબે ઘુમ્યા ત્યારે શ્રી વલ્લભભાઈ રાઠોડે મંજીરાની રમઝટથી સૌને ડોલાવી દીધા હતા. ભારતીબેને જ્યારે **મારું વનરાવન છે રૂડું, વૈકુંઠ નહિ તે આવું** ગાયું ત્યારે ઉપસ્થિત સૌ એમની સાથે જ ઝીલવા લાગતા એમ લાગ્યા વગર રહેતું નહોતું કે ભારતીબેને સૌને ભક્તિભાવના રંગે રંગી દીધા! ભોળા શંભુને થયેલી લાલચ જેને કવિ તારાચંદે શબ્દબદ્ધ કરી છે તે પણ રજુ કરી હતી. જયારે ગોપીશ્વરનું સ્વરૂપ લઈને પ્રભુ શિવને કૃષ્ણ સાથે રાસ રમવાની ઈચ્છા થઈ ત્યારે માતા પાર્વતી તેમને વૃંદાવન લઈ ગયા. પરંતુ કૃષ્ણ તેમને ઓળખી ગયા અને તે પ્રસંગને



ગીતમા વણી લેતાં શબ્દો છે... **એક બાર શિવ ભોલે ભંડારી, બનકે નારી ગોકુલમેં આ ગયે...** અને સૌ ભાવિકો શિવમય બની ગયા હતા!

નરસિંહ મહેતાના ભજને સૌને વિનંતી કરતા કરી દીધા હતા... **મારી હુંડી સ્વીકારો, મહારાજ રે...** ભારતીબેનના ભજનોમાં ભક્તિના, શક્તિના ભાવ વધતા ગયા અને હાજર રહેલા સૌને રાધારમણમય બનાવી દીધા હતા. વાતાવરણ એવું જામ્યું હતું કે ખુદ ઠાકોરજી પણ અલમીડા સેન્ટરમાં આવવા માટે લલચાયા હશે! આ પ્રસંગે અમૃતાંજલિ ગૃપની બાળકલાકારો જાસ્મીન મોરે, કરિશ્મા મોરે, કરીના મોરે, નૈયા વકીલ અને ખુશી વકીલે પણ સુંદર નૃત્ય રજુ કર્યા હતા. આજના અન્નકૂટના પ્રસંગની ઉજવણીનું સ્વરૂપ એવું હતું કે ભજનીક કંઈક આવા શબ્દોમાં તેનું વર્ણન કરતા ખચકાય નહિ:

**એક વાર શામળા તું આવે જો અલમીડા સેન્ટર**

**તો તને વૈકુંઠ ભૂલાવું... મારા શામળા રે...**

અલમીડા સેન્ટરના શ્રી નાયમન તેમના નાના નાના બાળગોપાળોને લઈને અન્નકૂટમાં હાજર રહયા હતાં. એમની હાજરી અને ભાવના એવું કહેતી હતી કે તેઓ ગયા જન્મમાં ગુજરાતી હિન્દુ હશે કે જેના ફળસ્વરૂપે એમણે ભારતીયો માટે આટલી સુંદર તબીબી અને રહેવાની સેવા પ્રદાન કરતી સંસ્થા બનાવી અને મુકુંદભાઈ અને રમાબેનને તેનું સુકાન સોંપ્યું. શ્રી મુકુંદભાઈએ નમ્રતાપૂર્વક અલમીડા સેન્ટરના સ્ટાફના ભાઈબહેનો, સહકાર્યકર્તાઓ, સેવાભાવી ડોકટરો અને અન્ય સૌ મદદકર્તાઓનો આભાર માન્યો હતો. સાથે સાથે એવી ખાત્રી આપી હતી કે હું મારા લોહીના છેલ્લા બુંદ સુધી આ વડિલોની એટલે કે મારા માબાપની સેવા કરતો રહીશ. તેમજ ઉમેર્યું હતું કે નજીકમાં જ રૂટ ૨૮૭ ઉપર ઉભી થઈ રહેલી અલમીડા સેન્ટરની નવી જગ્યાએ સેવા આપવા માટે મારી પુત્રીએ તેની સારી નોકરી પણ છોડી દીધી છે.